## અન્ય ઉપયોગી માહિતી.

**૧૮.૧ લોકો ધ્વારા પૂછાતા પ્રશ્નો અને તેના જવાબો :**

સામાન્ય રીતે લોકો ધ્વારા જમીનની માગણી, જુદા જુદા વિષયો સબંધી દાખલ થયેલી અપીલ અરજીઓ / વિવાદ અરજીઓ સબંધી નકલોની માગણી, નગરપાલીકા તરફથી મળેલ જવાબો સામે અસંતોષ સબંધી રજુઆતો, નાની બચત યોજના તથા મધ્યાહન ભોજન યોજના સબંધી રજુઆતો તથા પુરવઠા વિષયક બાબતો અંગેની સમસ્યાઓ લોકોને નડતી હોય છે. આ માટે રાજય કક્ષાથી તાલુકા કચેરી સુધી અધિકારી તથા કર્મચારીઓનું માળખું સરકારશ્રી ધ્વારા નિયત થયેલ છે, જે તંત્ર ધ્વારા લોકોની સમસ્યાઓ તથા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે.

**૧૮.૨ માહિતી મેળવવા અંગેનાં અરજીપત્રકો, તે સબંધી ફી, અરજી કરવાની પધ્ધતિ તથા તે સબંધી માર્ગદર્શન તેમજ માહિતી આપવાના ઈન્કારના કિસ્સામાં અધિકાર તેમજ અપીલ કરવા સબંધી કાર્યવાહી :**

ભારત સરકારના માહિતીના અધિકાર બાબતોનો અધિનિયમ, ૨૦૦૫ હેઠળની કલમ–૨૭ અન્વયે રાજય સરકારશ્રીએ ગુજરાત રાઈટ ટુ ઈન્ફોરમેશન રૂલ્સ–૨૦૦૫ તા.૫–૧૦–૨૦૦૫ ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે. તે રૂલ્સ મુજબ નમુનાની અરજી, ફીનું ધોરણ વિગેરે બાબત નીચે મુજબ નકકી થયેલ છે.

૧. આ કાયદા હેઠળ હવેથી માહિતી મેળવવા અરજદારે નમુના–ક માં અરજી કરવાની રહેશે.

૨. માહિતી માટે અરજી દિઠ રૂા. ૨૦/– ની ફી લેવા પાત્ર બને છે.

૩. તે સિવાય વેચાણ માટેના પ્રકાશન સ્વરૂપે માહિતી ઉપલબ્ધ હશે તો તે પ્રકાશનને નિયત કરેલ કિંમત લેવામાં આવશે. અને વેચાણ માટેના પ્રકાશન સિવાયની માહિતી માટે નિયત કરેલ પાના દિઠ ચુકવવાની થતી ફી ચૂકવવાની રહેશે.

૪. અરજદારે નમુના–ઘ ની અરજી નિયુકત થયેલ જાહેર માહિતી અધિકારીને રજુ કરવાની રહેશે.

૫. અરજી સ્વીકાર્યાની પહોંચ નમુના–ખ માં આપવામાં આવશે.

૬. માંગેલ માહિતી ક્ષેત્રાધિકાર બહારની હોય તે સંજોગોમાં નમુના–ચ માં પાવતી આપવામાં આવશે.

૭. સ્વીકારેલ અરજીના સંદર્ભમાં અરજી ચકાસતાં જો માહિતી આપી શકાય તેમ ન હોય, તો નમુના–છ માં અસ્વીકૃતિનો પત્ર અરજદારને પાઠવવામાં આવશે.

૮. જયારે ઉપલબ્ધ માહિતી નમુના–ઘ માં ઉપલબ્ધ કરવામાં આવશે.

૯. નમુના–છ ના હુકમથી નારાજ વ્યકિત આ અધિનિયમ હેઠળ અપીલ અધિકારી તરીકે જેમને નિયત કરેલ છે તેવા અપીલ અધિકારીને નમુના–જ માં ધોરણસરની ફી ભરીને અપીલ કરી શકશે.

**૧૮.૩ જાહેર તંત્ર ધ્વારા લોકોને અપાતી તાલીમની બાબત :–**

કલેકટર કચેરી ધ્વારા લોકોને ખાસ પ્રકારની કોઈ તાલીમ અપાતી નથી પરંતુ જયારે જયારે ચૂંટણી યોજવાના પ્રસંગો બને છે ત્યારે મતદારોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવા ઈલેકટ્રોનીક વોટીગ મશીન સહિત માસ્ટર ટ્રેઈનરો ધ્વારા જાહેર જનતા માટે સ્થળ સુનિશ્ચિત કરીને નિદર્શનો ગોઠવી જરૂરી માહિતી/તાલીમ અપાય છે. વળી સરકારશ્રીના અનુદાનથી ચાલતી અને મહેસુલી કચેરીઓ મારફત નિયંત્રણ રખાતું હોય તેવી સંસ્થાઓ આવી તાલીમ સબંધી પ્રવૃતિઓ સમયસર અને સાચા અર્થમાં યોજે તે માટેના પ્રયત્નો હાથ ધરાય છે.

**૧૮.૪ નિયમ સંગ્રહ–૧૩ માં સમાવિષ્ટ ના હોય તેવા જાહેર તંત્રએ આપવાના પ્રમાણપત્રો, ના–વાંધા પ્રમાણપત્રો.**

નિયમ સંગ્રહ–૧૩ માં સમાવિષ્ટ ના હોય તેવા કોઈ પ્રમાણપત્ર અને ના–વાંધા પ્રમાણપત્ર આપવામાં આવતા નથી. સમયાંતરે અરજદાર તરફથી આવી કોઈ જરૂરીયાત ઉપસ્થિત થાય તેવા કિસ્સામાં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી જરૂરી માહિતી મેળવી શકાય છે.

**૧૮.૫ નોંધણી પ્રક્રિયા અંગે :–**

અત્રેની કચેરીએથી નોંધણી સબંધી કોઈ કાર્યવાહી હાથ ધરાતી નથી.

**૧૮.૬ જાહેર તંત્રે કર ઉઘરાવવા અંગે :–**

અત્રેથી આવા કોઈ કર સીધા ઉઘરાવવામાં આવતા નથી. જમીન મહેસુલને લગતી બાબતો અંગે ગ્રામ્ય તથા તાલુકા કક્ષાએ ગોઠવેલ તંત્ર મારફતે આ કામગીરી થાય છે.

**૧૮.૭ વીજળી / પાણીના હંગામી અને કાયમી જોડાણો આપવા અને કાપવા અંગે :–**

આ કચેરીએથી આવી કોઈ કામગીરી થતી નથી.

૧૮.૮ જાહેર તંત્ર ધ્વારા પુરી પાડવામાં આવનાર અન્ય સેવાઓની વિગત :–

કલેકટર કચેરી, રાજકોટ હાલે જુની હોસ્પિટલ બિલ્ડીંગમાં કાર્યરત છે. આ કચેરી માટે નવા મહેસૂલ ભવનનું આયોજન રાજકોટ શહેરના જામટાવર પાસે, બેન્કર્સ ગ્રાઉન્ડ તરીકે ઓળખાતી સરકાર હસ્તકની જમીનમાં જાહેર બાંધકામ ખાતા ધ્વારા નવનિર્માણ થઈ રહેલ છે. આગામી ૨૦૦૬ ના વર્ષમાં આ મહેસૂલ ભવનનું લોકાર્પણ થવા સંભવ છે. આ નવા મહેસૂલ ભવનમાં રાજય સરકારના માર્ગદર્શન હેઠળ કચેરીમાં આવતાં અરજદારોને વધુમાં વધુ સુવિધા ઉપલબ્ધ થાય તેવું આયોજન છે.

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજયમાં અન્ય વિસ્તારોમાં રોજગારી અર્થે હંગામી સ્થળાંતર કરીને આવેલા કુટુંબોને રેશનકાર્ડ ન હોવાના કારણસર આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાથી વંચિત રહેવુ ન પડે તે માટે બી.પી.એલ./અંત્યોદય હેઠળના કુટુંબોને રોમીંગ રેશનકાર્ડ આપવાનું નકકી કરેલ છે.